# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

==========================================================================================

આર.એમ.સી./પી.આર.નં.:- ૦૦૧૧ **-: અખબારી યાદી:-**

## "રાજકોટ આઈ-વે" પ્રોજેક્ટના ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનરશ્રી: ઈ-મેમો અંગેની કાર્યવાહી ઝડપી બનાવવા સૂચના

**તા. ૦૭-૦૯-૨૦૧૯**



રાજકોટ મહાનગરપાલિકાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતી અને ગૌરવ પ્રાપ્ત કરી ચુકેલા "આઈ-વે પ્રોજેક્ટ"ના ICCC (ઇન્ટીગ્રેટેડ કમાંડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર)ની નવનિયુક્ત મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે આજે તા.૭-૯-૨૦૧૯ના રોજ મુલાકાત લીધી હતી અને આ પ્રોજેક્ટના તમામ ફંકશન નિહાળી પ્રોજેક્ટ્સની ઝીણામાં ઝીણી વિગતો અને આયોજન સંબંધી વિગતો મેળવી હતી.

કમિશનરશ્રીએ મુલાકાત દરમ્યાન ડાઇરેક્ટર (આઈ.ટી) શ્રી સંજય ગોહેલ પાસેથી આઈ-વે પ્રોજેક્ટમાં આવરી લેવામાં આવેલ તમામ પાસાઓની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી હતી. સાથોસાથ કમિશનરશ્રીએ કંટ્રોલ સેન્ટરના વિશાળ સ્ક્રીન પર લાઈવ સચિત્ર નિદર્શન પણ નિહાળ્યું હતું. જેમાં

આઈ-વે પ્રોજેક્ટની મદદથી સમગ્ર શહેરના રાજમાર્ગો અને અન્ય વિસ્તારનું નિરીક્ષણ, ટ્રાફિક મેનેજમેન્ટ, ક્રાઈમ ડીટેક્શન, સરકારી મિલકતોની દેખભાળ, મહાનગરપાલિકાના "સ્કાડા" હેઠળ વોટર વર્કસ અને ડ્રેનેજ શાખાનું વોટર મેનેજમેન્ટ, ટ્રાફિક નિયમ ભંગ બદલ જનરેટ થતા ઈ-ચલન વગેરેનો સમાવેશ થાય છે.

દરમ્યાન આ પ્રોજેક્ટના માધ્યમથી રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઇસ્યુ કરવામાં આવતા ઈ-મેમો સંબંધી કામગીરી ઝડપી બનાવવા અને નિયમ ભંગના કિસ્સાઓમાં જે તે આસામીઓ પાસેથી વસૂલ કરવાની થતી દંડની રકમની રિકવરીની કામગીરી પણ વિના વિલંબે આગળ ધપાવવા મ્યુનિ. કમિશનરશ્રીએ સૂચના આપી હતી.

**( જન સંપર્ક અધિકારી )**